# યે જો હૈ, કમ સે કમ...
# યે કહેં, કી જાને દે!

"યુ આર ફુલ્લ ઑફ યોર સેલ્ફ. સબ કુછ તુમ્હારે બારે મેં હૈ. તુમ્હારા ખાના, તુમ્હારા ડ્રાઇવર, તુમ્હારી એક્સ, તુમ્હારા ગાના... તુમ્હારે શૌક! તુમ્હારે પાસ વક્ત કહાં હે કિસી ઔર કે લિયે?" જયા શશીધરન કહે છે. એ યોગી નામના એક માણસને ડેટિંગની વેબસાઇટ પર મળી છે. બંને એકબીજાંની નજીક આવે છે અને એકબીજાંના ભૂતકાળને ખોદવાની રમતમાં એકબીજાંને હર્ટ કરી બેસે છે. જયાને લાગે છે કે, યોગી પોતાના સિવાય કોઈના વિશે વિચારી શકતો જ નથી. પોતાના ગમા-અણગમા અને પોતાના ભૂતકાળ વિશે ખૂલીને વાત કરતો યોગી જયા કરતાં સાવ જુદો છે. એ પૈસા વાપરતાં અચકાતો નથી, અપેક્ષાઓ રાખતો નથી. મહોરાં પહેરતો નથી અને છતાં કાળજી કરે છે... સામે જયા છે, યુવાન ઉંમરે પતિ ગુમાવી બેઠેલી. એના જીવનનો એકમાત્ર પુરુષ એનો નાનો ભાઈ છે! જયા પોતાના એક્સ બૉયફ્રેન્ડને મળવા જવાની છે ત્યારે ઉશ્કેરાટમાં અને ગુસ્સામાં કહે છે, "તારી પાસે કોઈ બીજા માટે વિચારવાની જગ્યા જ નથી. તું સ્વકેન્દ્રી છે" ને ત્યારે અત્યંત શાંત ચિત્તે યોગી એને પૂછે છે, "તુમ્હારે પાસ હૈ? વક્ત? કિસી કે લિયે?"

મૃત્યુ પામેલા પતિનો ફોટો અને એનું નામ પાસવર્ડ તરીકે વાપરતી જયા વેબસાઇટ ડેટિંગમાંથી યોગીને મળે છે... પરંતુ એની સાથે જોડાઈ શકતી નથી. એ પોતાના ભૂતકાળમાંથી નીકળી જ શકતી નથી... યોગી મુક્ત છે, ફ્રી સ્પિરિટ! એ પોતાના ભૂતકાળ વિશે ઇમોશનલ થયા વગર વાત કરી શકે છે... એની ભૂતકાળની પ્રેમિકાને સાવ સહજતાથી મળી શકે

છે. જ્યારે જયા મૃત પતિમાંથી મુક્ત થઈ શકતી નથી અને પોતાના ભૂતકાળના બૉયફ્રેન્ડની વાત એટલા માટે કરે છે કારણ કે, એ યોગીને કાઉન્ટર કરવા માગે છે.

આ કથા છે ફિલ્મ 'કરીબ કરીબ સિંગલ'ની! તનુજા ચંદ્રાનું સ્ક્રીનપ્લે અને દિગ્દર્શન આ કથાને રસાળ બનાવે છે. તનુજા ચંદ્રા થોડી જુદી તરાહની, છતાં કમર્શિયલ ફિલ્મો લખવા માટે અને દિગ્દર્શક તરીકે જાણીતા છે. અક્ષયકુમાર, પ્રીતિ ઝિન્ટાની 'સંઘર્ષ', કાજોલની 'દુશ્મન' અને શાહરૂખ-કરિશ્મા-માધુરીની 'દિલ તો પાગલ હૈ' તનુજા ચંદ્રાએ આપેલા વિષયો છે! ફરી એક વાર એમના પોતાના દિગ્દર્શન અને લેખનમાં રજૂ થયેલી ફિલ્મ 'કરીબ કરીબ સિંગલ' બે એવી વ્યક્તિઓની વાત છે જે જિંદગીના એવા પડાવ પર 'સિંગલ' અથવા 'એકલી' છે, જેને પ્રેમ થવાની સંભાવના પૂરી થઈ ગઈ છે અને છતાં કમ્પેનિયનશિપની ઝંખના હજી જીવે છે!

આજના સમાજમાં આવા ઘણા લોકોને આપણે ઓળખીએ છીએ. જેમણે ડિવૉર્સ લીધા છે, લગ્ન નથી કર્યાં અથવા કોઈ કારણસર એ હવે 'સિંગલ' છે. ટ્રેડિશનલી-પરંપરાગત રીતે જીવનસાથી શોધવાનો એમનો સમય કદાચ વીતી ગયો છે, છતાં મન, શરીર, બુદ્ધિ અને સંવેદના કોઈ એવો સાથી ઝંખે છે જેની સાથે સાંજ પડે એક છત નીચે ભેગાં થઈ શકાય, એક પલંગમાં સૂઈ શકાય, એક ટેબલ પર જમી શકાય, લડી શકાય, ઝઘડી શકાય, હસી-રડી શકાય અને સૌથી અગત્યનું, વાતો કરી શકાય! આપણે બધાં એકલવાયા સમાજમાં પ્રવેશવા લાગ્યાં છીએ. સૌને પોતપોતાની ચિંતા છે. હવે પતિ અને પત્નીનું અલગ ભવિષ્ય છે, એમની ભિન્ન અસલામતીઓ છે કારણ કે એમની પાસે ભિન્ન કારકિર્દી અને અલગ અલગ સપનાં છે. ક્યારેક એવું બને છે કે બહારના લોકો સાથે હરીફાઈ કરતાં કરતાં પતિ-પત્ની એકબીજાં સાથે હરીફાઈ કરવા લાગે છે... પ્રેમી અને પ્રેમિકા, બે દોસ્તો, પિતા અને પુત્ર કે મા-દીકરી ક્યારે સંબંધ ભૂલીને સામસામે આવી જાય એ સમજાતું જ નથી આજના સમયમાં!

'ક્વિન', 'કિ ઍન્ડ કા' અને 'કરીબ કરીબ સિંગલ' એવી અલગ વાર્તાઓ સાથે લખાયેલી ફિલ્મો. સ્ત્રી-પુરુષના અલગ પ્રકારના સંબંધની વાત કરે છે. હિન્દી સિનેમામાં હવે આવી વાર્તાઓ લખાવા અને ફિલ્મ સ્વરૂપે રજૂ થવા લાગી છે એ વાતનો સાચે જ આનંદ થવો જોઈએ. પતિનું કહ્યું માનતી, પ્રેમીને પોતાનાથી દૂર કરવા માટે બેવફા હોવાનું નાટક કરતી કે માતા-પિતાના વચનને ખાતર બલિદાન આપી દેતી હિરોઇનની કથાઓ હવે હિન્દી સિનેમામાં કોઈને જોવી નથી. આજની સ્ત્રી જરા જુદી રીતે વિચારે છે, એટલે જ ઑડિયન્સ પણ જુદી રીતે વિચારતી

સ્ત્રીને જોવા ઝંખે છે! હજી હમણાં જ રજૂ થયેલી ફિલ્મ 'લવની ભવાઈ'માં માંડ ૨૦-૨૨ની આર.જે. અંતરા એના બૉયફ્રેન્ડને કહે છે, "કેમ? મેં બિલ આપી દીધું તો શું પ્રોબ્લેમ છે? મેઇલ ઈગો ઍન્ડ ઓલ... હં?" એ જ અંતરા પહેલીવાર શરાબ પીને બેહોશ થઈ ગયેલા પોતાના દોસ્તને પોતાના રૂમમાં લાવીને સુવડાવે છે, અને એનાથી થોડે દૂર સોફા ઉપર નિરાંતે સૂઈ જાય છે! ટૂંકમાં, ગુજરાતી ફિલ્મની હિરોઈન પણ બદલાઈ રહી હોય ત્યારે હિન્દી સિનેમાની હિરોઈન તો જુદી હોવી જ જોઈએ, ખરું ને?

સ્ત્રી-પુરુષના સંબંધો સમય, ઉંમર, ક્લાસ, માનસિકતા, ઉછેર અને શિક્ષણ સાથે બદલાતા રહે છે. એક ભણેલીગણેલી કમાતી છોકરી જે રીતે એના બૉયફ્રેન્ડ કે પતિ વિશે વિચારે છે એ રીતે એક અંડર ગ્રેજ્યુએટ મિડલ ક્લાસ પરિવારમાં ઊછરેલી છોકરી નથી વિચારી શકતી. એક ૧૮ વર્ષની છોકરી કે ૨૦-૨૨નો છોકરો જે રીતે વિચારે એ રીતે એક ૩૫ની સ્ત્રી કે ૪૫નો પુરુષ નથી વિચારી શકતો. આના કારણમાં ઊતરીએ તો સમજાય કે સમય સાથે આપણી જરૂરિયાતો બદલાઈ છે. શરીર, આકર્ષણ, સેક્સ અને સુંદરતાનું મહત્ત્વ જે ઉંમરે હોય છે એ પછીની ઉંમરના પડાવમાં સમજણ, બુદ્ધિ, દોસ્તી અને શૅરિંગનું મહત્ત્વ વધે છે... એક ઉંમરે પુરુષના બૅન્ક બૅલેન્સનું મહત્ત્વ હોય છે, સમય જતાં એ ભુલાઈ જાય છે અને પુરુષની સમજદારી, ઋજુતા અને કાળજીનું મહત્ત્વ વધે છે... ખાસ કરીને આપણા દેશમાં આપણે વાતો કે કમ્યુનિકેશન વિશે ક્યારેય સજાગ નથી. પતિ-પત્ની વચ્ચે કમ્યુનિકેશન હોવું જોઈએ, પ્રેમીઓ વચ્ચે વાતો થવી જોઈએ એવો વિચાર માતા-પિતા પોતાના સંતાનને આપતાં જ નથી, આપી શકતાં નથી કારણ કે એમણે પણ પોતાના જીવનસાથી સાથે કે બૉયફ્રેન્ડ, ગર્લફ્રેન્ડ (જો હોય તો) સાથે વાતો કરી જ નથી.

સિંગલ હોવું એ ફેસબુકનું સ્ટેટસ નથી કે વ્હોટ્સઍપ પર પોતાના એકલા હોવાની જાહેરાત નથી... 'સિંગલ' હોવાનો અર્થ છે, સંબંધ માટે ઓપન હોવું. કોઈ વ્યક્તિને ઓળખવા, જાણવા, એની સાથે જોડાવા માટે તૈયારી બતાવવી પણ એનો અર્થ એવો નથી કે એ જ્યાં દેખાય ત્યાં લંગસિયા નાખવા મંડે! કેટલાક લોકો મરજીથી સિંગલ હોય છે – એમને એમના ટેસ્ટની, એમને ગમતી કે એમની કલ્પનાની વ્યક્તિ ન મળી માટે! કેટલાક લોકો ઇમોશનલી સિંગલ હોય છે કારણ કે, એમને મળેલી વ્યક્તિ કોઈક કારણસર છૂટી ગઈ અને પછી એમને એટલી અદ્ભુત વ્યક્તિ બીજી મળી જ નહીં માટે! દરેક સિંગલ વ્યક્તિ ભૂખી ડાંસ થઈને સાથી શોધી રહી હોય, એવું હોતું નથી! આપણે બધા જ ડિવોર્સી, વિધવા, વિધુર કે મોટી ઉંમર સુધી નહીં પરણેલા લોકોને કોઈક કારણસર દયાથી જોઈએ છીએ, ક્યારેક એવા લોકો આપણા જીવનમાં અસલામતી પણ

લઈ આવે છે. સિંગલ બહેનપણી કે કઝિન મારા પતિ પર નજર નાખશે... કે સિંગલ દોસ્ત અથવા કઝિન ભાઈ, પડોશી મારી પત્નીમાં રસ લેતો થઈ જશે આવા ભય આપણને સતાવે છે. આપણે સિંગલ લોકોથી આપણા જીવનસાથીને દૂર રાખવાનો પ્રયત્ન કરીએ છીએ...

જે સિંગલ છે અથવા જેમણે એકલા રહેવાનું પસંદ કર્યું છે એવી વ્યક્તિઓ કદાચ કમ્યુનિકેશન, દોસ્તી કે સાથી ઝંખે તો પણ એમને એમનો ભૂતકાળ, એમની માન્યતાઓ અને લાંબા સમય સુધી એકલા રહ્યા પછી ગોઠવાઈ ગયેલી એમની જિંદગીની સમસ્યાઓ નડે જ છે. અચાનક કોઈ પોતાની જિંદગીમાં દાખલ થઈ જાય અને એ પોતાના ઇમોશન્સનો કે પોતાના સમય અને નિર્ણયોનો કબજો લઈ લે એ વાત ઘણા સમય સુધી સિંગલ રહેલી વ્યક્તિને અનુકૂળ ન આવે એમ પણ બને.

લગ્ન નહીં કરવાની, ડિવૉર્સ લીધા પછી કે પ્રણયસંબંધ તૂટ્યા પછી એકલા રહેવાની, વિધવા કે વિધુર થયા પછી ફરી લગ્ન નહીં કરવાની માનસિકતા ધરાવતા લોકો મોટે ભાગે પોતાની જિંદગી સાથે અનુકૂલન સાધી ચૂક્યા હોય છે. એમનું રૂટીન ગોઠવાયેલું હોય છે અને એમની સગવડો પણ એમણે ગોઠવી જ લીધી હોય છે...

મહત્ત્વની વાત એ છે કે, એમને જ્યારે કોઈ વ્યક્તિ મળે ત્યારે એ વ્યક્તિ સાથે સંબંધ બાંધતાં પહેલાં એમણે પોતાની જાત સાથે સંઘર્ષમાંથી પસાર થવું પડે છે. દરવાજો ખોલતાં પહેલાંને બીજી વ્યક્તિને ભીતર આવવા દેતાં પહેલાં એમણે અનેક માનસિક સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે. એમની જરૂરિયાત અને હાલની અનુકૂળ થઈ ગયેલી પરિસ્થિતિ વચ્ચે ઘર્ષણ થાય છે, હા અને ના વચ્ચે ઘમસાણ યુદ્ધ થાય છે. કેટલાક લોકો આ બધી પરિસ્થિતિ પછી પણ મનપસંદ કે ગમતી વ્યક્તિ સાથે જોડાય છે. મોડે મોડે પણ લગ્ન કરવાનું કે સાથે રહેવાનું નક્કી કરી શકે છે. જ્યારે કેટલાક લોકો આ સંઘર્ષની બહાર નીકળી શકતા નથી... ગમતી વ્યક્તિ મળી હોવા છતાં, એ વ્યક્તિને પોતે ગમતા હોવા છતાં અંતે એકલા રહેવાનું પસંદ કરે છે.

તનુજા ચંદ્રાની આ કથા, 'કરીબ કરીબ સિંગલ' આજના યુગની વર્કિંગ વુમન અને મોટી ઉંમર સુધી સિંગલ રહી ગયેલા પુરુષની એવી પ્રેમકથા છે જેમાં પ્રેમ છે છતાં નથી. જેમાં ઝંખના છે છતાં ઝઝૂમવાની એક વિચિત્ર માનસિકતા છે. બંને જણાં એકબીજાં સાથે જોડાય છે છતાં રહી જાય છે, 'કરીબ કરીબ સિંગલ'.